## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




# રાંદેસણ પાટીયા નજીક જયુપીટર સ્લીપ થઈ જતા પતિ-પત્નિનું મૃત્યુ

## ગુજરાત ઢાબા પર પરિવારના સભ્યો જમવા માટે આવ્યા હતા, કયાં પહોંચ્યા તે પુછવા ફોન કરતા પરિવારને અકસ્માતની જાણ થઈ



ગાંધીનગર, તા.૨૫
લવારપુર ગામ પાસે આવેલી હોટલ ગુજરાત ઢાબા પરથી મોડીસાંજે કૌટુંબીક સભ્યો સાથે જમીને પરત અમદાવાદ જઈ રહેલા દંપતિનું રાંદસણ પાટીયા નજીક અચાનક જયુપીટર સ્લીપ ખાઈ જતા દંપતિ માર્ગ પર પટકાતા ગંભીર ઈજાઓને પગલે પતિ-પત્નિનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે અકસ્માતની જાણ થતા પરિવારના સભ્યો માથે આભ તુટી પડ્યું હતું. બનાવને પગલે ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ કોટેશ્વર પાસે શ્વેદ પરિષદ સોસાયટી ખાતે રહેતા ભૌમિક જીતુભાઈ પટેલ કાર એસેસરીઝના વેપાર સાથે જોડાયેલા હતા.ગતરોજ ભૌમિકભાઈ તેમની પત્નિ મિત્તલ અને દિકરા નિત્ય સાથે સાસરીમાં ગયા હતા. ત્યારબાદ મોડીસાંજે પરિવારજનો લવારપુર પાસે આવેલી હોટલ ગુજરાત ઢાબા પર જમવા માટે આવ્યા હતા. તમામ સભ્યો ભોજન બાદ અમદાવાદ જવા માટે રવાના થયા હતા. તે સમયે ભૌમિકભાઈનો દિકરો નિત્ય તેના મામા સાથે કારમાં બેઠો હતો. જયારે ભૌમિકભાઈ અને તેમના પત્ની જયુપીટર લઈને ગુજરાત ઢાબા થી ધોળાકુવા સર્કલ થઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક રાંદેસણ ગામના પાટીયા નજીક કોઈ જાનવર માર્ગ વચાળે આવી જતા જયુપીટર પરનો કાબુ ગુમાવી દેતા તે સ્લીપ ખાઈ ગયું હતું. જયુપીટર સ્લીપ થઈ જતા માર્ગ પર દંપતિ પટકાતા ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ તેઓનુ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. અકસ્માત સર્જાતા સ્થાનિક નાગરીકો તેમજ અન્ય વાહનચાલકો મોટીસંખ્યામાં એકત્ર થયા હતા. તે સમયે ભૌમિકભાઈનો સાળો કાર લઈને આગળ નીકળી જતા તેને કયાં સુધી પહોંચ્યા તે પુછવા માટે ફોન કર્યો હતો. તે સમયે કોઈ અજાણી વ્યકિતએ ફોન ઉપાડી અકસ્માતની જાણ કરતા પરિવારના સભ્યો તાત્કાલીક અકસ્માત સ્થળે આવી ગયા હતા. જયાં બહેન અને જીજાજીને મૃત હાલતમાં જોતા તેમના પર આભ તુટી પડ્યું હતું. પરિવારના સભ્યોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. જયારે દિકરો નિત્ય માતા-પિતાના મૃતદેહ જોઈ હેબતાઈ ગયો હતો. ત્યારે આઠ વર્ષના દિકરાએ માતા-પિતાની છત્રછાયા ગુમાવતા તેની આંખમાં આંસુ જોઈને સૌ કોઈની આંખ ભીની થઈ હતી. બનાવને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ એસ. આર. રાઠોડ પણ ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● આરોગ્ય વિભાગ દ્વારા ૫-૬-૭ મે ના રોજ ચિંતન શિબિર યોજવાનું આયોજન ચાલી રહ્યુ છે.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન બારડોલી પહોંચ્યા છે ત્યાં તેમણે સ્વરાજ આશ્રમની મુલાકાત પણ લીધી હતી.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર દબાણોનો મુદ્દો ફરીથી ચર્ચામાં આવ્યો છે.

● મોંઘવારી અને મેવાણીના મુદ્દે આજે કોંગ્રેસ દ્વારા ધરણા અને દેખાવો સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયા હતા.

● ગરમીના પ્રકોપ વચ્ચે ગાંધીનગરમાં આઈપીએલની લોકપ્રિયતા વધી રહી છે.

● રાીએ અ ાે મ ાં કર્મચારીઓની બદલીનો મુદ્દો આજે સચિવાલયમાં સૌથી વધુ ચર્ચામાં જણાયો હતો.

● વિધાનસભાનુ વિસર્જન કરી ચૂંટણીની જાહેરાત ક્યારે થશે તેની અટકળોથી ગાંધીનગરમાં રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચાઓ સાંભળવા મળી હતી.

● મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને ચાલતી વિકાસની કામગીરીની સમીક્ષા કરી હતી.

● વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણીને લઈ આજે સે. ૨૯ના અર્બન હેલ્થ સેન્ટરમાં આરોગ્યના કર્મયોગીઓનો સેમીનાર યોજાયો હતો જેમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ પર ચાંપતી નજર રાખવાની સૂચનાઓ અપાઈ હતી.

## વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં વિશ્વ પુસ્તક દિવસ તથા વિશ્વ કોપીરાઈટ દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી. મહાન નાટયકાર અને પ્રખર સાહિત્ય સર્જક વિલિયમ શેક્સપિયર અને લેખક ઈંકા ગાર્સીલાસો ડે લા વેગા જેવા અન્ય લેખકોનું ૨૩ એપ્રિલના જ દિવસે અવસાન થયું હોવાથી ૧૯૯૫માં યુનેસ્કોએ ૨૩ એપ્રિલની તારીખે વિશ્વભરમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ઉજવવાનું જાહેર કર્યું હતું. આ પ્રદર્શનમાં શેક્સપિયરના તથા કૉપીરઈટના પુસ્તકો જેવા કે., હેમલેટ, રોમિયો જુલિયટ, કોપીરાઈટ કાયદો, વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૫૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ વિદ્યાર્થી, અધ્યાપક અને સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે અને કિશન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સે. ૧૫ ખાતે બેટરી ટેસ્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫
સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત હસ્તકની જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ૧૧ મા ખેલ મહાકુંભની અં-૧૧ વયજુથમાં ગાંધીનગર જિલ્લાના તાલુકા/ઝોન કક્ષાની ૫૦મી દોડ તથા સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ ઈવેન્ટમાં ૧ થી ૮ ક્રમે આવેલ બહેનો માટે તા. ૨૯-૪-૨૨ના રોજ તેમજ ભાઈઓ માટે તા. ૩૦-૪-૨૨ના રોજ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સે. ૧૫, ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજનાના પ્રવેશ માટે યોજનાર બેટરી ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૭ અલગ અલગ પ્રકારના ફિઝિકલ ફિટનેશ ટેસ્ટ લેવામાં આવશે. આ બેટરી ટેસ્ટમાં પાસ થનાર ખેલાડીઓને રાજ્યકક્ષાના બેટરી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે. ભાગ લેનાર તમામ ખેલાડી ભાઈઓ/બહેનોએ ટેસ્ટના દિવસે સવારે ૮ કલાકે સ્પોર્ટસ કીટમાં ઉપરના સ્થળે રિપોર્ટ કરવા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવેલ છે. વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યાલય, સે. ૨૧, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## સેકટર-૫ ખાતે જેટકોના ડે.એન્જીનિયરના ઘરમાંથી રૂ.૩૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૫
શહેરના સેકટર-૫ એ માં તસ્કરોએ બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી, દરવાજાની બાજુમાં આવેલ બારીનો કાચ નીકાળી દરવાજાની અંદરની સાઈડમાં ભરાવેલી ઈન્ટરલોકની ચાવીથી લોક ખોલી ઘરમાં પ્રવેશી બેડરૂમમાં લાકડાના કબાટમાં રહેલા પર્સમાંથી રોકડા રૂ.૩૫ હજાર ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ એ પ્લોટ નં. ૪૭૫-૨ ખાતે રહેતા સતિષકુમાર અમૃતલાલ પટેલ પેથાપુર જેટકો (જીઈબી)કંપનીમાં ડે.એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે અને પત્ની અને પુત્ર સાથે રહે છે. જયારે ગત તા.૨૩ ના રોજ સતિષભાઈના વતન ખાતે ધાર્મિક કાર્યક્રમ હોવાથી ઘરે ગયા હતા અને રાત્રી રોકાણ કર્યું હતું. જયારે તા.૨૪ ના રોજ સાંજના સુમારે ગાંધીનગર પરત ફરીને જોયુ તો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે ઘરના દરવાજાની બાજુની બારીનો કાચ નીકાળી દીધો હતો. ચોર શખ્સોએ બારીમાંથી હાથ નાંખીને મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક ખોલ્યું હોવાનું લાગી રહ્યું હતું. જયારે સતિષભાઈએ ઘરમાં પ્રવેશ કરીને તપાસ કરતા બારીનો કાચ ડ્રોઈંગ રૂમમાં પડ્યો હતો. જયારે બેડરૂમમાં તપાસ કરતા કબાટ ખુલ્લા હતા અને બેડ પર સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. જયારે બેડ પર પડેલા કાળા કલરના પર્સમાં જોતા તેની અંદર રહેલા રોકડા રૂ.૩૫ હજાર ન હતા. જેથી ચોર શખ્સો રોકડા રૂપીયા લઈ પલાયન થઈ ગયા હતા. તે ઉપરાંત રૂમમાં રહેલી લોખંડની તિજોરી પણ ખુલ્લી પડી હતી અને સામાન અસ્ત વ્યસ્ત કરી દીધો હતો. ત્યારે જેટકોમાં ડે.એનજીનિયર વતન ગયા હતા તે સમયે ચોર શખ્સો મકાનમાં પ્રવેશી રૂ.૩૫ હજારની ચોરી કરી પલાયન થઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ઘ-૩ એચપી પેટ્રોલ પંપની દિવાલ પાસે પાર્ક કરેલી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૨૫
શહેરના સેકટર-૬ ઘ-૩ સ્થિત એચ.પી.પેટ્રોલ પંપની દિવાસ પાસે પાર્ક કરેલી રીક્ષાની ચોરી થવા પામી છે. રીક્ષા ચાલકે રૂ.૨.૫૦લાખની રીક્ષા ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રોના જણાવ્યા મુજબ શહેરના સેકટર-૬ ઘ-૩ એચ.પી.પેટ્રોલ પંપની સામે છેલ્લા દોઢ વર્ષથી ઝુંપડુ બાંધી પત્ની સાથે રહેતો શ્રવણ આસુજી ભીલ (ઉં.૩૪) રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૨૩ એપ્રિલના રોજ બપોરના ત્રણ વાગે શ્રવણ સીએનજી રીક્ષા જી. જે. ૦૧. ટી.એફ.-૮૨૭૨ ફેરો મારી જમવા માટે આવ્યો હતો. શ્રવણે રીક્ષા છાપરાની સામે પેટ્રોલ પંપના કોટ આગળ લોક કરીને મુકીને જમવા બેઠો હતો.જયારે તેની પત્નીએ છાપરા બહાર નીકળતા રીક્ષા કયાં છે તેમ પુછતા તેને કહ્યું કે રીક્ષા બહાર પડી છે. પરંતુ રીક્ષા પાર્ક કરેલી જગ્યા પરથી કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જેથી આસપાસના વિસ્તારમાં રીક્ષા અંગે શોધખોળ હાથ ધરી હતી. પરંતુ રીક્ષા ના મળતા આખરે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨.૫૦ લાખની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજયપાલશ્રીએ નવી દિલ્હી ખાતે નેશનલ વૉર મેમોરિયલની મુલાકાત લઈ વીર શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



ગાંધીનગર, તા. ૨૫
ગુજરાતના રાજ્યપાલશ્રીએ નવી દિલ્હી ખાતે નેશનલ વૉર મેમોરિયલની મુલાકાત લઈ માતૃભૂમિની રક્ષા કાજે પોતાના પ્રાણની આહૂતિ આપી સર્વોચ્ચ બલિદાન દેનારા વીર શહીદ જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક આઝાદી બાદ થયેલાં યુદ્ધ અને અન્ય મિલિટરી ઓપરેશન્સમાં માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થયેલાં વીર જવાનોની યાદમાં બનાવવામાં આવ્યું છે.

## ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ અંતર્ગત ગ્રામસભા યોજાઈ



ચિલોડા, તા. ૨૫
ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ ઉજવણી અંતર્ગત જળ અભિયાન મુદ્દે ખાસ ગ્રામસભા સરપંચ શ્રીમતિ શ્વેતલબેન જે. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ગામના અગ્રણી અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરા લીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે જળ એજ જીવન અંગે મુદ્દાસર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યું કે જળનું જૈવિક, ભૌગોલિક, સાંસ્કૃતિક અને પર્યાવરણનું વિશેષ મહત્વ છે. જૈન ધર્મ કહે છે જળનો ઉપયોગ ઘી ની જેમ કરો. પાણીની ઉપલબ્ધિના કુદરતી સ્ત્રોતો સામે પાણીનો બેફામ ઉપયોગ વપરાશ અને બગાડ વિશે જાગૃતતા કેળવવાની જરૂર છે. પાણીનો ઉદ્‌ભવ વપરાશ પરત્વે સભાનતા હોવી જરૂરી છે. પાણીનો દુર્વ્યય અટકાવવા, વૃક્ષોની જાળવણી, ચેકડેમો, ખેતતલાવડી, તળાવોની જાળવણી અનિવાર્ય છે. વિશ્વ જળ દિને જળ બચાવો સંકલ્પ લઈએ અને વરસાદનું વહી જતું પાણી રોકીએ એ સાચી ઉજવણી સાર્થક બને. જળ અભિયાન, સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત સમાજ બને તેવા પ્રયાસો કરવા આહવાન કર્યુ. આ ગ્રામસભામાં પશુ નિરીક્ષક અધિકારી જિતેન્દ્રભાઈ કે. પટેલ, ડે. સરપંચ, ગ્રામસભાના સભ્યો તથા અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલ મહેસુલ શાખામાંથી મામલતદાર રૂ.૨.૬૦ લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫
આજે ગાંધીનગર જિલ્લાના કલોલ મામલતદાર કચેરીમાં મહેસુલ શાખામાં રૂ.૨.૬૦ લાખની લાંચ લેતા મામલતદાર ડો.મયંક પટેલ અને ઈ-ધરા શાખાના ઓપરેટર નિખિલ પાટીલને એસીબીએ ઝડપી પાડ્યા છે. જયારે કેચરીમાંથી લાંચિયો મામલતદાર ઝડપાતા જ કચેરીના લાંચીયા અધિકારી-કર્મચારીઓમાં સન્નાટો વ્યાપી ગયો હતો. બિન ખેતીલાયક જમીનની વેચાણની ૨૩ એન્ટ્રી માટે રૂ.૨.૬૦ લાખની લાંચની માંગણી કરી હતી. જયારે નાયબ મામલતદાર પ્રવિણ મુળજીભાઈ પરમાર એસીબીની જાણ થતા જ અંડરગ્રાન્ડ થઈ ગયા છે.

મળતી વિગત મુજબ કલોલ મામલતદાર કેચરી સ્થિત તાલુકા મામલતદાર એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ ડો. મયંક પટેલ, નાયબ મામલતદાર પ્રવિણ મુળજીભાઈ પરમાર તેમજ ઈ-ધરા નો ઓપરેટર નિખિલ પાટીલ એસીબીની ટ્રેપમાં


નિખિલ કિશોરભાઈ પાટીલ, કોમ્પ્યુટર ઓપરેટર, મામલતદાર કચેરી, કલોલ


મયંક મહેન્દ્રભાઈ પટેલ મામલતદાર, કલોલ

પકડાઈ ગયા છે. મુલસણા ગામની બિનખેતી લાયક જમીનની તેઓના ટ્રસ્ટમાં વેચાણની ૨૩ એન્ટ્રી કરાવવા માટે અરજી કરી હતી. જેમાં ઓપરેટર નિખિલ પાટીલે એન્ટ્રી દીઠ રૂ.૧૨ હજાર લેખે ૨૩ એન્ટ્રીના કુલ રૂ.૨.૭૬ લાખની માંગણી કરી હતી. ત્યારબાદ વાતચીતના અંતે રાઉન્ડ ફીગરમાં રૂ.૨.૫૦ લાખ નક્કી થયા હતા. તે ઉપરાંત ઈ-ધરાના રૂ.૧૦ હજારની રકમનો વધારો કરી કુલ રૂ.૨.૬૦ લાખની માંગ કરી હતી. જેથી અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીમાં ફરીયાદ કરી હતી. જેને પગલે એસીબીની ટીમે કલોલ મામલતદાર કચેરી ખાતે ટ્રેપનું આયોજન કર્યું હતું. જેમાં ઓપરેટર નિખિલ પાટીલ તેમજ તાલુકા મામલતદાર ડો. મયંક પટેલ લાંચની રકમ સ્વીકાર કરતા એસીબીના છટકામાં આબાદ ઝડપાયા હતા. એસીબીના અધિકારીઓએ મામલતદાર અને ઓપરેટરને ડીટેઈન કરી વધુ સઘન પુછતાછ હાથ ધરાઈ છે. જયારે એસીબીના છટકાને પારખી જતા નાયબ મામલતદાર પ્રવિણ પરમાર અંડરગ્રાઉન્ડ થઈ ગયા હતા. જયારે એસીબીની ટ્રેપ ને પગલે કચેરી સુમસામ બની ગઈ હતી.જયારે એસીબી એક પછી એક સફળ ટ્રેપને પગલે લાંચીય અધિકારી-કર્મચારી ઓમાં ફફડાટ ફેલાયો છે.

## ઝેડ-કેડ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત ગુજરાતી ફિલ્મ 'નવરીબજાર -૩' અને 'દાયકા સરકારમાં' પુસ્તકોના વિમોચન



ગાંધીનગર, તા.૨૫
ઝેડ-કેડ પબ્લિકેશન મનીષ પટેલ દ્વારા પ્રકાશિત ગુજરાતી ફિલ્મ જગતના લોકપ્રિય અભિનેતા અને લોકપ્રિય નિવૃત્ત સરકારી અધિકારી જિતેન્દ્ર ઠક્કર દ્વારા લિખિત નવરીબજાર - ૩ અને દાયકા સરકારમાં પુસ્તકોના વિમોચન પ્રસંગે માધવપ્રિયદાસજી સ્વામી એ ઉપસ્થિતિ રહી આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે અસિતકુમાર મોદી (તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના સર્જક), ભાગ્યેશ જહા (પૂર્વ સચિવ), અનીસ માંકડ (પૂર્વ કમીશનર), મહેન્દ્રભાઈ ત્રિવેદી (પૂર્વ ગૃહરાજ્ય મંત્રી), તુષાર શુક્લ (સાહિત્યકાર ), મયુર વાકાણી (સુન્દરમામા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા), અરવિંદ બારોટ, અરવિંદ વેગડા, અભિલાષ ઘોડા, નવરી બજાર ફિલ્મના કલાકારો વગેરેએ હાજરી આપી હતી.



જલુદ ગામે પ્રજાપતિ પરિવારો દ્વારા સમૂહ નવચંડી યજ્ઞ તારીખ ૨૪ ના રોજ દિપેશ્વરી માતાના મંદિરે યોજાયો હતો. જેમાં ૭૦૦ જેટલા ભાઈ બહેનોએ દર્શન આરતી અને મહા પ્રસાદ ગ્રહણ કર્યો હતો તથા માની આરાધના કરી કૃપા મેળવી હતી.

## ભાલ સાહિત્ય વર્તુળ અને ધર્મપ્રચાર માનવસેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે વિશ્વ પુસ્તક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૫
વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે ભાલ સાહિત્ય વર્તુળ અને ધર્મપ્રચાર માનવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિદ્યાસભાની નિશ્રામાં તારીખ ૨૪ એપ્રિલના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજ હૉલમાં એક કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે આ પ્રસંગે પુસ્તકના માહાત્મ્ય વિશે વિગતે વાત કરી હતી. સોશિયલ મીડિયા યુગના પ્રભાવ હેઠળ સાચું ચિંતન દૂર હડસેલાઈ ગયું છે એની કરુણતાનો તેઓએ ચિતાર આપ્યો હતો અને સૌને હાકલ કરી હતી કે આપણે સૌએ આપણા ઘર સહિત સમાજમાં મોબાઈલના કુપ્રભાવ સામે ઝુંબેશ ચલાવવી પડશે. સોશિયલ મીડિયા પુસ્તકને તો ખાઈ ગયું છે સાથે સાથે આપણા ઘરની, સમાજની સંવેદના પર પણ તરાપ મારી રહ્યું છે. ભાલ સાહિત્ય વર્તુળના મુખ્ય




સંયોજક કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ'એ જણાવ્યું હતું કે પુસ્તકના માહાત્મ્યના પ્રચાર સાથે પુસ્તકપ્રીતિ તો વધી છે પરંતુ એ ઠાલું સ્ટેટસ સિમ્બોલ બની રહ્યું છે. સાચા સંવેદનને બદલે ફક્ત કહેવાતી સેલિબ્રિટીઓના પુસ્તકો તરફ સમાજનો ઝોક વધી રહ્યો છે ત્યારે કેવા પુસ્તકો વસાવવા તેની સમજ પણ સાથે એટલી જ જરૂરી છે. આ પ્રસંગે 'સ્વચ્છતાનું સરનામું અમદાવાદ' નામની પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સર્વજ્ઞ ગોડિયાવાળાએ સ્વચ્છતા ઝુંબેશ વિશે વાત કરી હતી. નવલકથાકાર વાર્તાકાર શ્રી નિરંજન યાજ્ઞિક કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતા. કાર્યક્રમમાં સંગીતકાર જન્મેજય વૈદ્ય ગઝલોની સાંગીતિક પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ ભાલ સાહિત્ય વર્તુળના કવિઓ સર્વશ્રી નિરંજન યાજ્ઞિક, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', રમેશ ચૌહાણ, ઈંગિત મોદી, અરવિંદ મકવાણા, યુવરાજ સિંહ સોલંકી, વિપુલ પરમાર, મહિપતસિંહ ચૌહાણ, દિલીપસિંહ જાદવ, સરોજ રાઠોડે પોતાની કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન ભૂમિકા વિરાણીએ કર્યું હતું. ધર્મપ્રચાર સેવા ટ્રસ્ટના વિશ્વા પંચોલીને જન્મદિવસ નિમિત્તે સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## ભાષા સહોદરી હિન્દી ન્યાસ દ્વારા આઠમું અધિવેશન ગોવા ખાતે યોજાયું




ગાંધીનગર, તા. ૨૫
ભાષા સહોદરી હિન્દી ન્યાસ દ્વારા આઠમું અધિવેશન ગોવા ખાતે યોજાયુ. ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદસાવંત અને કેન્દ્રિય પર્યટનમંત્રી શ્રીપદ નાયકને હસ્તક અધિવેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભારતના તમામ રાજ્યોના લેખકો, શિક્ષકો, પ્રોફેસરો અને શોધાર્થિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ દ્વિ દિવસીય કાર્યક્રમને ચાર સત્રોમાં વિભાજન કરી સુંદર જ્ઞાનવર્ધન રહ્યો. ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદસાહેબે સૌને અભિનંદન આપતા જણાવ્યું કે કોંકણી ભાષાને ઉચ્ચ ન્યાયપાલિકામાં લાગુ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ સાથે હિન્દી ભાષાનો વધારેમાં વધારે પ્રચાર-પ્રસાર થાય તેના પર ભારપૂર્વક પણ કહ્યું. પર્યટનમંત્રીએ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે એવી બાંહેધરી પણ આપી. ભાષા સહોદરી હિન્દીના અધ્યક્ષ જયકાન્ત મિશ્રાએ હિન્દી ન્યાયપાલિકા, કાર્યપાલિકા, વિદ્યાયિકામાં ભારતીય ભાષાઓની સહયોગ અને ભાગીદારી જરૂરી છે. આ સાથે હિન્દીને રોજગારની સાથે જોડવાની વાત કરી. બીજા સેશનમાં એમ.એસ. યુનિ. હિન્દી વિભાગના પ્રો. ડૉ. કનુભાઈ નિનામાએ એમના અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યું કે હિન્દી ભાષાની ઉત્તરોતર પ્રગતિ થાય એવી આશા વ્યક્ત કરી. ઉપસ્થિત પ્રતિભાની યોગનું શિલ્ડ, શાલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. અધિવેશનમાં ગુજરાત એમ.એસ. યુનિ. વડોદરા શોધાર્થિ અમીત ગુપ્તાએ વ્યવસ્થા સંબંધિત મહત્વપૂર્ણ ફાળો આપ્યો. સહયોગી પ્રતિભાગી ડૉ. અંજુ યાદવ, ડૉ. સરિતા, ડૉ. મુકેશ મુરેઠા, ડૉ. રામ અવતાર, ડૉ. હિમાની ભટિયા, પુજાકુમારી ગુપ્તા, નાગેન્દ્રકુમાર શર્મા, પિન્ટુ યાદવ, સુખિધ અને દિશા યાદવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેવું સાદરા સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે જણાવ્યું હતું.